ગાંધીનગર સમાચાર

દેશના ભવિષ્યને લઈ સંપૂર્ણ વિશ્વાસ છે : મનમોહનસિંહ

બદલાતા વૈશ્વિક અર્થતંત્રમાં આગળ વધવા માટે અનેક તકો રહેલી છે : સાથે મળી આગળ વધવા જરૂર : લોકસભા ચૂંટણીથી લોકશાહી વ્યવસ્થા મજબૂત

વડાપ્રધાન તરીકે દેશને અંતિમ ભાવનાશીલ સંબોધન કર્યું

નવી દિલ્હી,તા. ૧૭

દસ વર્ષ સુધી દેશના વડાપ્રધાન તરીકે રહ્યા બાદ મનમોહનસિંહે આજે સવારે રાષ્ટ્રના નામે છેલ્લુ સંબોધન કર્યું હતુ. મનમોહનસિંહે તેમના ભાવનાશીલ સંબોધનમાં કહ્યું હતું કે, લોકસભાની ચૂંટણીથી અમારી લોકશાહી વ્યવસ્થા વધારે મજબૂત થઈ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, વિકાસની ઘણી બધી તકો રહેલી છે. આ તકોનો લાભ લેવા માટે એક સાથે મળીને સખ્ત પરિશ્રમ કરવાની જરૂર છે. જેમાં સિંહે તમામ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે દેશને મડબુત કરવા માટે જે કઈ પણ પગલાની જરૂર હતી તે તમામ પગલા લીધા છે. દેશને સંબોધન કર્યા બાદ સિંહે બપોરે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી સાથે વાતચીત કરી હતી અને તેમનુ રાજીનામુ આપ્યું હતુ. આની સાથે જ નવી સરકારની રચનાની કવાયત પણ શરૂ થઈ હતી. રાજીનામુ આપતા પહેલા સિંહે પોતાના અંતિમ સંબોધનમાં કહ્યું હતું કે વડાપ્રધાન તરીકેના તેમના ગાળા દરમિયાન તેમની લાઈફ અને તેમની અવધિ એક ખુલ્લા પુસ્તક સમાન હતી. સિંહે કહ્યું હતું કે આ મહાન દેશને વધુ મજબુત બનાવવા માટે જે કઈ પણ પગલાની જરૂર હતી તે તમામ પગલા તેમણે લીધા હતા. મનમોહનસિંહે કહ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષના ગાળામાં સરકારે અનેક સપળતા અને સિદ્ધીઓ મેળવી હતી. તેઓ આવનાર સરકારને સફળતા માટે શુભકામના આપે છે. છેલ્લા ૧૦ વર્ષમાં જે સિદ્ધી મેળવવામાં આવી તે સિદ્ધીઓ પર ગર્વ કરવુ જોઈએ.દેશની સફળતા માટે તમામ ક્રેડિટ સિંહે લોકોને આપી હતી. તેમણે દાવો કર્યો હતો કે દસ વર્ષ અગાઉની સરખામણીમાં આજે ભારત દરેક રીતે વધુ મજબુત છે. સિંહે કહ્યું હતું કે દેશમાં હજુ વિકાસની ઘણી તક રહેલી છે. તમામ લોકો એકસાથે આગળ વધે તે જરૂરી છે. તમામ લોકો જો સાથે આગળ વધશે તો દેશ વધારે મજબુત થશે. સિંહે કહ્યું હતુ કે વડાપ્રધાન તરીકે રાજીનામુ આપી દીધા બાદ પણ તમામની યાદ તાજી રહેશે. તેમણે કહ્યું હતું કે ભારતના ભાવિને લઈને તેમણે સંપૂર્ણ વિશ્વાસ છે. ભારત બદલાતા અર્થતંત્રમાં એક વૈશ્વિક તાકાત તરીકે ઉભરશે તેવી આશા સિંહે વ્યક્ત કરી હતી. તેમના સંબોધનમાં ભાવુક અંદાજમાં સિંહે કહ્યું હતું કે, વડાપ્રધાન પદ છોડ્યા બાદ પણ લોકોનો પ્રેમ પણ તેમને મળતો રહેશે.

વડાપ્રધાને અંતે રાજીનામું આપ્યું : નવી કવાયત શરૂ

રાષ્ટ્રપતિએ રાજીનામાનો સ્વીકાર કર્યો : સવારમાં રાષ્ટ્રને વડાપ્રધાન તરીકે અંતિમ સંબોધન કર્યા બાદ રાષ્ટ્રપતિને મળીને વડાપ્રધાને રાજીનામું સોંપી દીધું

નવીદિલ્હી, તા.૧૭

લોકસભા ચૂંટણીમાં યુપીએની કારમી હાર થયા બાદ આજે વડાપ્રધાન મનમોહનસિંહે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને મળીને પોતાનું રાજીનામું સોંપી દીધું હતું. આની સાથે જે નવી સરકારની રચના માટેનો માર્ગ મોકળો થઈ ગયો હતો. બીજી બાજુ રાષ્ટ્રપતિએ મનમોહનસિંહના રાજીનામાનો સ્વીકાર કરીને જ્યાં સુધી નવી સરકારની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી સત્તા પર જારી રહેવા અપીલ કરી હતી. મનમોહનસિંહ ૧૦ વર્ષ સુધી દેશના વડાપ્રધાન તરીકે રહ્યા હતા. તાજેતરમાં જ યોજાયેલી લોકસભા ચૂંટણીમાં તેમની પાર્ટી કોંગ્રેસની કારમી હાર થઈ છે. ઘણા રાજ્યોમાં કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો થયો છે. આવી સ્થિતિમાં કોંગ્રેસની સરકાર હવે તેની અવધિ પુરી કરી ચુકી છે. ભાજપ સત્તામાં આવનાર છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપે ઐતિહાસિક દેખાવ કરીને સ્પષ્ટ બહુમતિ મેળવી લીધી છે. નરેન્દ્ર મોદીની લહેર વચ્ચે ભાજપે આ ચૂંટણીમાં જીત મેળવી છે. રાષ્ટ્રપતિને મળવા માટે વડાપ્રધાન આજે બપોરમાં પહોંચ્યા હતા અને તેમની સાથે થોડાક સમય સુધી વાતચીત પણ કરી હતી. મનમોહનસિંહે લોકસભા ચૂંટણીના કાર્યક્રમ વેળા જ કહ્યું હતું કે, તેઓ જો યુપીએની સરકાર ફરી સત્તામાં આવશે તો પણ વડાપ્રધાન બનશે નહીં. જો કે, મનમોહનસિંહે કોઈ નવા નેતાના નેતૃત્વ હેઠળ સરકાર બનાવવા અને તે હેઠળ કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. મનમોહનસિંહે રાષ્ટ્રપતિને મળતા પહેલા દેશને સંબોધન પણ કર્યું હતું.

મોદી સામે ભાજપમાં રહેલા વિખવાદને ટાળવાનો પડકાર

અસંતુષ્ટોને રાજી કરવાનો મોટો પડકાર રહેશે : પક્ષના સિનિયર નેતાઓ નાખુશ હોવાના અહેવાલ વચ્ચે વાતચીતનો દોર : સિનિયરોની ભૂમિકાને લઇને સસ્પેન્સ

નવી દિલ્હી,તા. ૧૭

નરેન્દ્ર મોદીએ તેમના જાદુ મારફતે ભાજપને લોકસભાની ચૂંટણીમાં ચોક્કસપણે ઐતિહાસિક જીત અપાવી દીધી છે પરંતુ તેમની સામે વાસ્તવિક પડકાર હવે શરૂ થઈ રહ્યા છે. તેમની સામે સૌથી મોટો પડકાર પક્ષમાં જ રહેલા વિખવાદને ટાળવાનો પણ છે. મોદી સામે કોંગ્રેસ અને વિરોધ પક્ષોના કોઈ પડકાર નથી પરંતુ પક્ષના સિનિયર નેતાઓ તેમની સામે પડકાર ઉભા કરી શકે છે. આ શાનદાર બહુમતિને જાળવી રાખવાની તેમની સામે બાબત રહેશે. મોદીનુ કદ ખુબ મોટુ થઈ ગયું છેપરંતુ પાર્ટીની અંદર એક વર્ગ એવુ છે જે મોદીની વિચારધારા સાથે સહમત નથી. મોદીની તાજપોશી નિશ્ચિત બની ગઈ છે. પરંતુ મોદીની સામે સૌથી મોટો પડકાર સિનિયરોને રાજી રાખવાનો રહેશે. તેમના માટે તેમના વલાયક હોદ્દા શોધવાની બાબત મહત્વપૂર્ણ રહેશે. આમાં લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશીનો સમાવેશ થાય છે. સુષ્મા સ્વરાજ પણ અડવાણીની કેમ્પમાં છે. પરંતુ જો તેમને મંત્રીપદ આપવામાં આવશે તો કોઈ તકલીફ થશે નહી. કારણ કે વડાપ્રધાન દ્વારા કેબિનેટની પસંદગી કરવામાં આવે છે. પરંતુ અડવાણીને મંત્રીપદ આપવાની બાબત શક્ય નથી. જેથી અડવાણીને સ્પીકરપદ પર બેસાડવાની બાબત મહત્વપૂર્ણ રહેશે. જો અડવાણી માત્ર સાંસદની ભૂમિકામાં રહેવાનુ પસંદ કરશે તો મોદી સામે ભવિષ્યમાં અડવાણી તકલીફ ઉભી કરી શકે છે. આવી જ સ્થિતી જોશીની પણ છે. તેમને પણ સંતુષ્ટ કરવાની બાબત મોદી માટે સરળ નથી. ભાજપને અભૂતપૂર્વ સફળતા મળી છે પરંતુ કેબિનેટની રચના વેળા કેટલીક તકલીફ ઉભી થઈ શકે છે. કારણ કે મંત્રીપદ મર્યાદિત છે. જેથી તમામને રાજી કરવાની બાબત સરળ રહેશે નહી.

અમેરિકી પ્રમુખ ઓબામાની નરેન્દ્ર મોદીની સાથે વાતચીત

મોદીના અમેરિકી વીઝાનો આખરે અંત આવ્યો : નરેન્દ્ર મોદીને અમેરિકા આવવાનુ આમંત્રણ આપતા અંતે વિવાદનો અંત :વીઝા આડે હવે માત્ર ઔપચારિકતા રહી

વોશિંગ્ટન,તા. ૧૭

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ દેશના ભાવિ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કરીને અભિનંદન આપ્યા છે. સાથે સાથે અમેરિકા આવવા માટેનુ આમંત્રણ પણ આપ્યું છે. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો વધારે મજબુત બની શકે તે માટે વાતચીતનુ આમંત્રણ આપ્યું છે. આની સાથે જ નરેન્દ્ર મોદીના અમેરિકા વીઝાને લઈને ચાલી રહેલા વિવાદનો અંત આવી ગયો છે. અમેરિકાના અધિકારીઓએ કહ્યું છે કે મોદીને અમેરિકી વીઝા મળવાની બાબત હવે માત્ર ઔપચારિકતા સમાન છે. વ્હાઈટ હાઉસ તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે કે અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ ભાજપની શાનદાર જીત બદલ નરેન્દ્ર મોદીને અભિનંદન આપ્યા છે. ઓબામાએ આશા વ્યક્ત કરી છે કે મોદીના નેતૃત્વમાં ભારત અને અમેરિકા વચ્ચે સંબંધો વધારે મજબુત બનશે. બન્ને દેશો વચ્ચે સંબંધ વધારે મજબુત બને તે જરૂરી છે. ઓબામાએ ફોન કરીને સ્પષ્ટ કરી દીધુ છે કે તેઓ મોદીનુ અમેરિકાની ધરતી પર સ્વાગત કરે છે. ઓબામા વહીવટીતંત્રના આ આમંત્રણની સાથે જ નરેન્દ્ર મોદીને વીઝા ન આપવાની અમેરિકી નિતીનો અંત આવી ગયો છે. અમેરિકી વિદેશ વિભાગના અધિકારીએ કહ્યું છે કે કોઈને પણ વીઝા મેરિટના આધારે આપવામાં આવે છે. કારણ કે મોદી હવે ભારતના વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે તેથી વીઝા મળવામાં હવે કોઈ તકલીફ થશે નહી. આ અગાઉ અમેરિકી અધિકારીએ કહ્યું હતું કે ભારત સાથે વધારે મજબુત સંબંધો સ્થાપિત કરવા માટે અમેરિકા ઉત્સુક છે. બીજી બાજુ બ્રિટનના વડાપ્રધાન ડેવિડ કેમરૂન અને પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે પણ નરેન્દ્ર મોદીને ફોન કરીને અભિનંદન આપ્યા હતા.

મોદીની નેતા તરીકે ૨૦મીએ વિધિવત પસંદગી

૨૦મી મેના દિવસે સંસદીય દળની મહત્વપૂર્ણ બેઠક : ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં નિર્ણય કરાયો : રાજનાથસિંહના નેતૃત્વમાં યોજાયેલી બેઠકમાં અડવાણી, જોશી, સુષ્મા સ્વરાજ તેમજ અન્યો ઉપસ્થિત

નવીદિલ્હી, તા. ૧૭

નરેન્દ્ર મોદીની વડાપ્રધાન તરીકે

તાજપોશી કરતા રહેલા

ઔપચારિકતા પૂર્ણ કરવા માટે ભાજપ સંસદીય દળની ૨૦મી મેના દિવસે બેઠક યોજાનાર છે. સંસદીય દળની બેઠકમાં નરેન્દ્ર મોદીને નેતા તરીકે ચૂંટણી કાઢવામાં આવશે. આજે ભાજપ સંસદીય બોર્ડની બેઠક યોજાઈ હતી જેમાં આ નિર્ણય કરવામાં આવ્યો હતો. સંસદીય બોર્ડમાં અનેક વરિષ્ઠ નેતાઓ છે. ભાજપ પ્રમુખ રાજનાથસિંહના નેતૃત્વમાં યોજાયેલી સંસદીય બોર્ડની બેઠકમાં નરેન્દ્ર મોદી, લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, સુષ્મા સ્વરાજ અને અન્ય સંસદીય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મોદીના વડાપ્રધાન પદની શપથવિધિ માટે તારીખ નક્કી કરવામાં આવી નથી. ભાજપ સંસદીય દળની બેઠક બાદ આ અંગે નિર્ણય લેવામાં આવશે. સંસદીય બોર્ડની બેઠકમાં લોકસભા ચૂંટણીના પ્રચારમાં મોદીના જોરદાર પ્રયાસ અને પ્રેરણાવાળા નેતૃત્વની પ્રશંસા કરવામાં આવી હતી. આ સંદર્ભમાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઠરાવમાં જણાવવામાં આવ્યું હતું કે, મોદીએ ચૂંટણી પ્રચારને એક નવી દિશા આપી હતી.

આમા પાર્ટીની ઐતિહાસિક જીત માટે પક્ષના કાર્યકરો અને સાંસ્કૃતિક સંગઠનો પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સામાજિક અને સાંસ્કૃતિ સંગઠનનો ઉલ્લેખ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ માટે કરવામાં આવ્યો હતો. આમા જણાવવામાં આવ્યું હતું કે, ભાજપ દેશને શક્તિશાળી, સ્વાભિમાની અને આત્મનિર્ભર બનાવવા માંગે છે. ચૂંટણી પરિણામ અંગે પ્રસ્તાવમાં જણાવવામાં આવ્યું હતું કે, લોકોએ અવાજ બુલંદ કર્યો છે. લોકોનો મજબૂત ટેકો મળ્યો છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપને ઐતિહાસિક જીત થઈ છે. ભાજપને કુલ ૨૮૩ બેઠકો મળી છે. જ્યારે એનડીએને ૩૩૫ બેઠકો મળી છે. ભાજપને એકલા હાથે બહુમતિ મળી છે જે એક રેકોર્ડ છે. કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયા છે. કોંગ્રેસ અને સાથી પક્ષોને માત્ર ૫૯ બેઠકો મળી છે. લોકસભા ચૂંટણીમાં આ વખતે નવો ઈતિહાસ સર્જાયો છે. એક બાજુ ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો છે જ્યારે અન્ય રાજકીય પક્ષોનો સફાયો થયો છે. બસપાને ઉત્તરપ્રદેશમાં એક પણ બેઠક મળી નથી. આવી જ હાલત કોંગ્રેસની પણ થઈ છે. કોંગ્રેસને ઘણા રાજ્યોમાં એક પણ બેઠક મળી નથી. આજે મળેલી ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં તમામ પાસા ઉપર ચર્ચા થઈ હતી. ભાવિ સરકારના મુદ્દા પર ચર્ચા થઈ હતી. ગઈકાલથી જ દેશભરમાં ઉજવણીનો દોર ચાલી રહ્યો છે. આ દોર આજે પણ જારી રહ્યો હતો. આગામી કેટલાક દિવસ સુધી આ દોર જારી રહે તેવી શક્યતા છે. કારણ કે નરેન્દ્ર મોદીની તાજપોશીમાં હજુ કેટલાક દિવસ લાગી શકે છે. કયા દિવસે વડાપ્રધાન તરીકે શપથ લેશે તે બાબત હજુ નક્કી કરવામાં આવી નથી. આવી સ્થિતિમાં પક્ષના કાર્યકરો પણ ભારે ઉત્સાહિત થયેલા છે. સાથે સાથે ઉત્તેજના પણ છે. ક્યારે વડાપ્રધાન તરીકે શપથ લેશે તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે.

સમાચાર ઝલક

- નરેન્દ્રભાઇ મોદીના સાથીદારો હવે ક્રિકેટ બોર્ડનો કબજો કરશે.
- ભ્રષ્ટાચાર વિરોધી ચળવળને વેગવંતી કરવા લાંચરૂશ્વત ખાતાનું ફેસબુક પેજ લોન્ચ.
- રાજયનાં ૪૦૦ અધ્યાપકોને રાતોરાત ફાજલ કરીસ દેવાયા.
- બેંગકોક એરપોર્ટ પર ૨૩૦ કાચબા જપ્ત કરાયા, જે ગેરકાયદેસર ભારત લાવવાનાં હતા.
- વિકાસ-મોંઘવારી ખાધ નવી સરકાર માટે પડકારરૂપ : રીઝર્વ બેંકનાં ગવર્નર રઘુરામ રાજન.
- ગંગા મૈયામાં કમળ છલકાયા, ગંગા આરતી અગાઉ કમળો છલકાયા હતા.
- 'નોટા'નો સૌથી વધારે ઉપયોગ ગુજરાતમાં આદિવાસી મતક્ષેત્રમાં થયો.
- દેશમાં એકતા જળવાઇ રહે તેવી સંઘની ભાજપને સલાહ.
- ન્યૂયોર્કમાં જૂનો સોફા ખરીદતાં દલ્લો મળ્યો, ૪૦,૦૦૦ ડોલર નીકળ્યા.
- સોશિયલ મિડીયા પર નરેન્દ્રભાઇ મોદીની જીત પર મેસેજો, કાર્ટૂનોનો મારો.
- પરંપરા સાચી ઠરી, વલસાડ જે બેઠક જીતે છે તે કેન્દ્રમાં સરકાર બનાવે.
- શેરબજારની તેજી આગળ વધતી રહેશે, વિદેશી બેંકોનો મત.
- આવતા વર્ષથી દેશમાં પ્લાસ્ટિકની નોટ ચલણમાં શરૂ થશે.
- વડનગરમાં જશ્નનો માહોલ.
- અક્ષરધામ હુમલા કેસમાં ૬ આરોપીઓને નિર્દોષ જાહેર કરતી સુપ્રિમ કોર્ટ.
- તા. ૨૦મી મેથી રેલ્વેના તમામ કક્ષાએ ભાડામાં વધારો થશે.
- વધુ સંતાનો ધરાવતી મહિલાઓ વધુ સમય જીવે છે :અભ્યાસનાં તારણો.

કારોબારીમાં સોનિયા-રાહુલ રાજીનામાની ઓફર કરી શકે

સોમવારે કોંગ્રેસ કારોબારીની મહત્વપૂર્ણ બેઠક : લોકસભાની ચૂંટણીમાં કારમી હારના મુદ્દા ઉપર ચર્ચા કરાશે : પક્ષમાં ધરખમ ફેરફાર કરવામાં આવે તેવી વકી

નવી દિલ્હી,તા. ૧૭

લોકસભા ચૂંટણીમાં કારમી હાર થયા બાદ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મળેલી માહિતી મુજબ સોમવારના દિવસે મહત્વપૂર્ણ કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠક મળનાર છે. જેમાં તમામ મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. સૂત્રોએ કહ્યું છે કે, કોંગ્રેસ કારોબારીની બેઠકમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી કારમી હારની જવાબદારી લઈને રાજીનામુ આપવાની ઓફર કરી શકે છે. ૧૬મી મેના દિવસે લોકસભાની ચૂંટણી પરિણામ જાહેર થયા બાદ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ મિડિયાની સમક્ષ ઉપસ્થિત થઈને હારની જવાબદારી સ્વીકારી હતી. જો કે, એ પ્રસંગે સોનિય ગાંધીએ રાહુલનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, પક્ષ પ્રમુખ હોવાના કારણે હારની જવાબદારી તેમની છે. ખાનગીમાં પક્ષના વરિષ્ઠ નેતાઓએ કહ્યું છે કે, કેટલાક મહત્વપૂર્ણ ફેરફારના સંકેત પણ મળી રહ્યા છે. ટિકિટ ફાળવણીમાં ખામી હતી કે કેમ તેમાં પણ તપાસ ચાલી રહી છે. કેટલાક નેતાઓની હકાલપટ્ટીના ભણકારા પણ વાગી રહ્યા છે જેમાં જયરામ રમેશ, મોહન ગોપાલ, મધુસુદન મિસ્ત્રી, મોહન પ્રકાશ અને અજય માંકનનો સમાવેશ થાય છે. એવી અટકળો પણ ચાલી રહી છે કે, અન્ય ફેરફારના મુદ્દે પણ ચર્ચા થશે. ૧૯મી મેના દિવસે આ બેઠક બોલાવવામાં આવી છે. રાહુલ ગાંધીની લીડરશીપ ઉપર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે ત્યારે આ બેઠક બોલાવવામાં આવી છે. કારોબારીની બેઠક પહેલા કેટલાકનું કહેવું છે કે, ટિકિટ ફાળવણીમાં ઘણી ભુલો રહી હતી. કેન્દ્રિય પ્રધાનોની પણ લોકસભા ચૂંટણીમાં કારમી હાર થઈ છે. પાર્ટી વર્કરો સાથે પક્ષના પ્રધાનો સીધીરીતે સંપર્કમાં ન હતા. રાહુલ ગાંધીની કામગીરી સામે પણ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. ગાંધી પરિવારની કોઈપણ અસર ચૂંટણીમાં દેખાઈ રહી નથી. દિલ્હી વિધાનસભા ચૂંટણીના જેવા જ પરિણામ લોકસભામાં પણ જોવા મળ્યા છે. કોંગ્રેસ પાસે કોઈ પ્રાદેશિક નેતા ન હોવાથી આવી હાલત થઈ છે. કોંગ્રેસમાં એવો સામાન્ય મત પ્રવર્તી રહ્યો છે કે, ભાવ વધારા અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દા હાર માટે જવાબદાર રહ્યા છે. શાસનવિરોધી પરિબળની સાથે સાથે નરેન્દ્ર મોદીએ ભાવ વધારા અને ભ્રષ્ટાચારના મુદ્દાને આવરી લીધા હતા. રાહુલની લીડરશીપ ઉપર કોઈ પ્રશ્ન નથી તેમ જણાવીને કેન્દ્રિય પ્રધાન જયરામ રમેશ અને પક્ષના વરિષ્ઠ નેતા સત્યવ્રત ચતુર્વેદીએ કહ્યું છે કે, આ તમામની જવાબદારી છે.

નીતિશકુમાર નાટક કરી રહ્યા છે : ભાજપ

પટણા, તા. ૧૭

ભાજપ અને કોંગ્રેસ તથા આરજેડી દ્વારા બિહારના મુખ્યમંત્રી તરીકે નીતિશકુમારના રાજીનામા અંગે જોરદાર આકરી પ્રતિક્રિયા આપી હતી. ભાજપના વરિષ્ઠ નેતા નલિન કોહલીએ કહ્યું હતું કે, ભાજપ કોઈપણ પરિસ્થિતિ માટે રાજકીયરીતે તૈયાર છે. બિહાર ભાજપના પ્રભારી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું છે કે, નીતિશકુમારમાં નૈતિકતા બચી નથી. તેઓ નાટક કરી રહ્યા છે. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા શકીર અહેમદે કહ્યું હતું કે, લોકોએ નીતિશકુમારને સાથ આપ્યો નથી જેથી લોકોના નિર્ણયને સન્માન આપીને નૈતિક આધાર પર નીતિશકુમાર રાજીનામુ આપી રહ્યા છે. આરજેડીના નેતા રાજનીતિ પ્રસાદે કહ્યું હતું કે, નીતિશનું રાજીનામુ રાજકીય સ્ટંટ તરીકે છે. રાજીનામુ આપવાની બાબત નૈતિક જવાબદારી નથી બલ્કે નીતિશને ખબર હતી કે હવે તેમની સરકાર જનાર છે જેથી તેઓએ પોતે રાજીનામુ આપ્યું છે. તેમની સરકાર કોંગ્રેસના સમર્થનથી ચાલી રહી હતી. રાજીનામુ નહીં આપે તો પણ તેમની સરકાર જવાની છે. નીતિશકુમારે પોતાને હીરો સાબિત કરવા રાજીનામુ આપ્યું છે.

હાર છતા પણ અરૂણ જેટલી મોદી સરકારમાં સામેલ થશે

પક્ષ પ્રમુખ રાજનાથસિંહે સ્પષ્ટ સંકેત આપ્યો : કેબિનેટમાં કોને કોને સામેલ કરાશે તેને લઇ ચર્ચાનો દોર

નવી દિલ્હી,તા. ૧૭

નરેન્દ્ર મોદી કેબિનેટમાં કોને કોને સામેલ કરવામાં આવશે તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતી છે. જો કે એવા સંકેત મળી રહ્યા છે કે ભાજપના વરિષ્ઠ નેતા અરૂણ જેટલીને મોદી કેબિનેટમાં સામેલ કરવામાં આવે તેવી શક્યતા છે. જેટલી ઉપરાંત અન્ય ભાજપના કેટલાક વરિષ્ઠ નેતાઓને પણ સામેલ કરવામાં આવે તેવી શક્યતા

છે. એક પ્રશ્નના જવાબમાં જાણકાર લોકોએ કહ્યું છે કે કેબિનેટની રચના મામલે ચર્ચા હજુ આગળ વધે તેવી શક્યતા છે. ભાજપના જનરલ સેક્રેટરી અને ઉત્તરપ્રદેશમાં પક્ષને શાનદાર જીત અપાવનાર અમિત શાહે પણ કહ્યું છે કે જેટલી કેબિનેટમાં સામેલ થશે. જેટલીની પ્રશંસા કરતા અમિત શાહે કહ્યું છે કે તમામ લોકોને સાથે લઈને ચાલવાની સરકારની યોજના છે. પંજાબના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અમિન્દરસિંહની સામે જેટલીની કારમી હાર થઈ હતી. જેટલી અમૃતસરમાં મેદાનમાં હતા. અમૃતસરમાં હાર થતા પહેલા જેટલીને નાણાં પ્રધાન તરીકે જોવામાં આવી રહ્યા હતા. રાજનાથસિંહ, અમિત શાહ, ભાજપના મહામંત્રી ધર્મેન્દ્ર પ્રદાન અને સંઘના નેતા સુરેશ સોની પણ જેટલી સાથે વાતચીત કરી ચુક્યા છે. કેટલાક લોકોનુ કહેવુ છે કે કેબિનેટમાં રવિશંકર પ્રસાદને પણ કાયદા પ્રધાન બનાવવામાં આવી શકે છે. કેટલાક ટોચના નેતાઓ પ્રધાનપદ મેળવવા માટે જોરદાર લોબી ચલાવી રહ્યા છે. મોદી સામે નારાજ રહેલા સભ્યોને શાંત કરવા માટે પણ પ્રયાસ ચાલી રહ્યા છે.